# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 08-03-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિશા શ્રીમાળી** વાંચે છે.

---

1) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, મહિલાઓની આગેવાની હેઠળનાં વિકાસનું સૌથી મોટું ઉદાહરણ ગુજરાત છે.**
2) **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું છે કે, કોડિનાર અને તાલાલાની ખાંડ મિલોનાં પુનરોધ્ધારથી હજારો ખેડૂતોના જીવનમાં સમૃધ્ધિનાં દ્વાર ખૂલશે.**
3) **આજે સમગ્ર રાજ્યમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી.**
4) **હોળી ધુળેટીના તહેવારોને ધ્યાનમાં રાખીને એસટી નિગમ ૧૦ થી ૧૬ માર્ચ સુધી વધારાની ૧૨૦૦ જેટલી બસો દોડાવશે.**
5) **રાજ્યભરમાં મહત્તમ તાપમાનમાં ૩ થી ૪ ડિગ્રીનો વધારો, સૌરાષ્ટ્ર, કચ્છમાં ગરમીનું યલો એલર્ટ**

..................................................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PM Lakhpati Didi-1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, મહિલાઓની આગેવાની હેઠળનાં વિકાસનું સૌથી મોટું ઉદાહરણ ગુજરાત છે. ગુજરાતે દેશને સહકારિતાનું સફળ મોડલ આપ્યું છે અને રાજ્યની મહિલાઓનાં શ્રમ અને સામર્થ્યથી જ ગુજરાતનું સહકારિતા મોડલ વિક્સ્યું છે.

(PM MODI Gujarat Model)

આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પ્રસંગે નવસારી જિલ્લાનાં વાંસી બોરસીમાં આયોજિત લખપતિ દીદી સંમેલનમાં પ્રધાનમંત્રીએ જાહેરાત કરી કે, આગામી પાંચ વર્ષમાં ત્રણ કરોડ લખપતિ દીદી તૈયાર કરવાનું સરકારનું લક્ષ્ય છે.

(PM Lakhpati didi)

મહિલાઓનાં સન્માનને વિકાસની પહેલી સીડી ગણાવતા તેમણે જણાવ્યું કે, તેમની સરકાર મહિલા સન્માનને પ્રાથમિકતા આપી રહી છે.

# PM Lakhpati Didi-2

પ્રધાનમંત્રીએ આ સંમેલનમાં 25 હજારથી વધુ સ્વસહાય જૂથોની મહિલાઓને 450 કરોડ રૂપિયાની નાણાકીય સહાયનું વિતરણ કર્યું. પ્રધાનમંત્રીએ લખપતિ દીદી યોજનાનાં 10 લાભાર્થી સાથે સંવાદ કર્યો હતો.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું કે, દીકરીઓનાં ભણતર અને ગણતર માટે કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમને કારણે રાજ્યની મહિલાઓ લખપતિ દીદી બની છે.

# - G-SAFAL, G-MAITRI-

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવસારી ખાતે મહિલાઓને આર્થિક રીતે સક્ષમ બનાવતી બે મહત્વપૂર્ણ યોજનાઓ G-SAFAL (ગુજરાત સ્કીમ ફોર અંત્યોદય ફેમિલીઝ ફોર ઓગ્મેન્ટીંગ લાઇવલીહૂડ) અને G-MAITRI- ગુજરાત મેન્ટરશિપ એન્ડ એક્સિલરેશન ઓફ ઇન્ડિવિજ્યુઅલ ફોર ટ્રાન્સફોર્મિંગ રૂરલ ઇન્કમ) શરૂ કરાવી હતી.

જી-મૈત્રી યોજનાનો હેતુ ગ્રામીણ સ્ટાર્ટઅપ્સને આગળ વધારવા તેમજ ગ્રામીણ વિસ્તારોમાં અસરકારક ઉકેલો માટે સામાજિક સાહસિકતાને પ્રોત્સાહન આપવાનો છે.

# Amit Shah Kodinar sugar mill

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડિનાર અને તાલાલા ખાંડ મિલોનાં પુનરોધ્ધારથી આ વિસ્તારનાં ૧૦ હજાર થી વધુ ખેડૂતોના જીવનમાં સમૃધ્ધિનાં દ્વાર ખૂલશે.

કોડિનાર અને તાલાલા સુગર મિલોના આધુનિકરણ માટે ભૂમિપૂજન કરતા શ્રી શાહે જણાવ્યું કે, આ સુવિધાથી ખેડૂત 'અન્નદાતા' ની સાથે હવે 'ઉર્જાદાતા' બનીને વૈશ્વિક સ્તરે જૈવ ઇંધણ ઉત્પાદક  પણ બનશે.

અહીં ઇન્ડિયન પોટાશ બે ડિસ્ટલરી, એક ગ્રીન પાવર પ્લાન્ટ, એવિએશન ટર્બાઈન પ્લાન્ટ સહિતની સગવડો ઊભી કરશે. કોડિનાર અને તાલાલા સુગર મિલોની કામગીરી 31 ઓક્ટોબર સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. શેરડીનું પીલાણ નવેમ્બર શરૂ કરવામાં આવશે.

આ ઉપરાંત શ્રી શાહે જુનાગઢમાં બ્રહ્માનંદ વિદ્યાધામ ખાતે વિવિધ પરિયોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ પણ કર્યો હતો. અગાઉ શ્રી શાહે સોમનાથ મહાદેવ મંદિરમાં દર્શન અને પૂજા અર્ચના કરી હતી. તેઓ આવતીકાલે અમદાવાદ અને ગાંધીનગરમાં વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે.

# Mahila Divas

આજે સમગ્ર રાજ્યમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી. 'દરેક મહિલાઓ અને બાળકીઓ માટે અધિકાર, સમાનતા અને સશક્તિકરણ'ની વિષયવસ્તુ સાથે રાજ્યમાં કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

આવા કેટલાંક કાર્યક્રમો પર એક નજર કરીએઃ

આદિવાસીઓની બહુમતી ધરાવતા તાપી જિલ્લાનાં ચિખલવાવ ગામમાં મહિલાઓની વસ્તી વધુ છે, અને ગામની સત્તાનું સુકાન પણ માહિલાઓનાં જ હાથમાં છે. 1500 ની વસ્તી ધરાવતા આ ગામનો સંપૂર્ણ વહીવટ ગામના મહિલાઓના હાથમાં છે. આ અંગે ગામના સરપંચ રક્ષાબેન ગામિતે વધુ માહિતી આપીઃ

(BYTE: RAKSHABEN GAMIT SARPANCH)

સુરેન્દ્રનગર ખાતે નિર્ધાર વિધવા મહિલા કલ્યાણ ટ્રસ્ટ દ્વારા પ્રેરણા કાર્યક્રમ અંતર્ગત મહિલા દિવસની અનોખી ઊજવણી કરવામાં આવી. આજે આ સંસ્થા દ્વારા અગિયાર વિધવા મહિલાઓને સન્માનિત કરવામાં આવી, અને જિલ્લાની પાંચ વિશિષ્ટ મહિલાઓને વિવિધ પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યા.

સેવાકીય કાર્ય કરવા બદલ સન્માનિત નિરૂપાબેને તેમનો પ્રતિભાવ આપ્યોઃ

(BYTE: NIRUPABEN)

# MAHILA DIVAS PTC

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે ભાવનગર રેલવે સ્ટેશનના મહિલા કુલીઓનું ગુજરાતી બુક કલબ ભાવનગર દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું તેમજ તેમના હસ્તે સાત્વિક વાંચન પુસ્તિકાઓનું પણ વિતરણ કરાયું હતું.

ફાઉન્ડેશન ફોર ઇકોલોજીકલ સિક્યુરિટી ( FES ) સંસ્થા દ્વારા ઠાસરા તાલુકાના આગરવા પંચાયતના મહારાજની મુવાડી ગામમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પ્રસંગે સોલર આધારિત પિયત સિસ્ટમ લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

ભરૂચ જિલ્લાના અંકલેશ્વર ખાતે “નારી તું નારાયણી” કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રોમાં યોગદાન આપનારી ૨૨ મહિલાઓનું ખાસ સન્માન કરવામાં આવ્યું.

બોટાદ જિલ્લાની શાળામાં અભ્યાસ કરતી કન્યાઓ માટે જાયન્ટ્સ ગ્રુપ ઓફ બોટાદ દ્વારા હોમિયોપેથિક કેમ્પ યોજાયો, જેમાં ૭૦ વિદ્યાર્થીઓની સારવાર કરવામાં આવી.

# 10 Years of Abhyam

આજે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના રોજ 181 “અભયમ” મહિલા હેલ્પલાઇને ગુજરાતમાં 10 વર્ષ પુર્ણ કર્યા છે. આ સમયગાળામાં, રાજ્યમાં 16 લાખ 16 હજારથી વધુ કેસોમાં મહિલાઓને જરૂરિયાત મુજબ સલાહ- સુચન, માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું છે. કાઉન્સેલર સહિતની ટીમ દ્વારા ઘટનાસ્થળ પર રાજ્યમાં ત્રણ લાખ 24 હજારથી વધુ મહિલાઓને મદદ કરીને હૂંફ આપવામાં આવી હતી. 59 રેસ્ક્યુ વાન દ્વારા મહિલાઓને ઘરેલુ હિંસા સહિતની વિવિધ પ્રકારની હિંસા તેમજ મુશ્કેલીનાં સમયમાં મદદ પૂરી પાડવામાં આવે છે.

ગુજરાત સરકાર અને GVK EMRI દ્વારા 8 માર્ચ, 2015નાં રોજ અભયમ હેલ્પલાઇનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૨૪માં ૯ હજાર ૪૬૧ પીડિત મહિલાઓએ મદદ માટે કોલ કર્યા હતા

છેલ્લાં ૧૦ વર્ષ દરમ્યાન સુરેન્દ્રનગર જિલ્લામાં ૩૪ હજારથી વધુ મહિલાઓને અભયમ દ્વારા સહાય પૂરી પાડવામાં આવી છે, તેમજ સ્થળ ઉપર જઈને ૬ હજારથી વધુ મહિલાઓને ત્વરિત મદદ કરાઇ છે.

# Rahul Gandhi Ahmedabad

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ આજે અમદાવાદમાં કાર્યકર્તાઓ અને હોદેદ્દોરાને સંબોધન કર્યું હતું. કાર્યક્રમમાં જિલ્લા અને શહેર કોંગ્રેસના હોદ્દેદારો, પક્ષના વિવિધ સેલના પ્રમુખો હાજર હતા.

આજે વિશ્વ મહિલા દિવસ નિમિત્ત કોંગ્રેસના મહિલા આગેવાનોએ તેમનું સ્વાગત કર્યું હતું. કાર્યકર્તાઓના સંમેલનને સંબોધિત કરતાં રાહુલ ગાંધીએ જૂથવાદમાં સંડોવાયેલા કોંગ્રેસનાં કેટલાંક નેતાઓની ટીકા કરી હતી અને જરૂર પડ્યે તેમની હકાલપટ્ટી કરવાની પણ તૈયારી બતાવી હતી.

ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં કોંગ્રેસના સંગઠનને મજબૂત કરવા તથા ગુજરાતમાં કોંગ્રેસની હાર પાછળના કારણો તથા પરિબળો જાણવા શ્રી ગાંધી બે દિવસથી ગુજરાતની મુલાકાતે છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# ST Extra buses

હોળી ધુળેટીના તહેવારોને ધ્યાનમાં રાખીને ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમે ૧૦ થી ૧૬ માર્ચ સુધી વધારાની ૧૨૦૦ જેટલી બસો વડે કુલ ૭૧૦૦ જેટલી વધારાની ટ્રીપનું સંચાલન કરવાની જાહેરાત કરી છે.

એસ.ટી. નિગમની યાદીમાં જણાવાયું છે કે, અમદાવાદ , રાજકોટ, અમરેલી, જુનાગઢ, ભાવનગર અને ભુજથી ગોધરા , દાહોદ , ઝાલોદ, છોટાઉદેપુર સહિતની જગ્યાએ જવા માટે વધારાની બસો સંચાલિત કરવામાં આવશે. આ ઉપરાંત, ડાકોર અને દ્વારકા જવા માટે ૫૦૦ બસો દ્વારા ચાર હજાર જેટલી ટ્રીપો સંચાલિત કરાશે.

વધારાની બસો માટેનું એડવાન્સ અને કરન્ટ બુકિંગ ડેપો ખાતેથી તથા નિગમની વેબસાઈટ www.gsrtc.in અને મોબાઈલ એપ્લીકેશન પરથી કરી શકાશે. વધુ માહિતી નિગમના તમામ ડેપો અને ટોલ ફ્રી નં. ૧૮૦૦ ૨૩૩ ૬૬૬૬૬૬ પરથી મળી શકશે.

# DWARKA PAGPALA SANGH

દેવભૂમિ દ્વારકા ખાતે હોળી – ધૂળેટીના પર્વ નિમિત્તે ફૂલડોલ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેના પગલે જામનગર સહિત વિવિધ જિલ્લાઓના શ્રદ્ધાળુઓ પગપાળા જઈ રહ્યાં છે, ત્યારે જામનગરના આરોગ્ય વિભાગ દ્વારા આ યાત્રિકોની સેવા માટે વિવિધ સ્થળે કેમ્પનું આયોજન કરાયું છે. જેમાં પીવાનું શુદ્ધ પાણી મળી રહે તે માટે કલોરીનેશનની કામગીરી કરવામાં આવી રહી છે.

આ સાથે, જરૂરિયાતમંદને વિનામૂલ્યે દવાઓ પણ વિતરિત કરવામાં આવી રહી છે.

# WEATHER

હવામાન વિભાગે આગામી પાંચ દિવસ કચ્છ અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લામાં ભારે ગરમીની સંભાવનાને ધ્યાનમાં રાખીને યલો એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગે તમામ જિલ્લાઓનાં મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ત્રણ થી પાંચ ડિગ્રી સેલ્સિયસ વધારાની શક્યતા વ્યક્ત કરી છે. છેલ્લાં 24 કલાક દરમિયાન રાજ્યમાં સૌથી વધુ મહત્તમ તાપમાન કચ્છના ભુજમાં 39.5 ડિગ્રી સેલ્સિયસ નોંધાવ્યું હતું.

ચાર મહાનગરોમાં પણ મહત્તમ તાપમાનમાં ત્રણથી ચાર ડિગ્રીનો વધારો નોંધાયો હતો. અમદાવાદમાં 37.6, વડોદરામાં 37, સુરતમાં 36.1 અને રાજકોટમાં 38.8 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું.